GJJN020088422024

**આંક :–___**

**જૂનાગઢના ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગશ્રીની અદાલત સમક્ષ, મુકામ : જૂનાગઢ.**

**હાલ:– શ્રી કર્ણ અજીત મારવાહા**

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | **૩૧/૦૭/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૫૩૮૩/૨૦૨૪** |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૬ અને ૧૧૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૪૦૨૪૦૦૫૨/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | મહિલા પોલીસ સ્ટેશન. |
| ફરિયાદ પક્ષ | **શ્રી સરકાર**<br>(મુળ ફરિયાદી : પીંકીબેન વા/ઓ શ્યામકુમાર શંકરલાલ ભોજવાણી) |
| રજુઆત | સરકારી વિધવાન વકીલશ્રી ડી.બી.પંચાલ |

| | |
|---|---|
| બચાવ પક્ષ | **૧)શ્યામકુમાર શંકરલાલ ભોજવાણી**<br>ઉ.વ.આ. ૨૯, ધંધો–પ્રા.નોકરી,<br>**૨)જમનાબેન ઉર્ફે કિવતાબેન વા/ઓ શંકરલાલ ધરમદાસ ભોજવાણી**<br>ઉ.વ.આ. ૫૨,<br>**૩)શંકરલાલ ધરમદાસ ઉર્ફે કારૂમલભાઈ ભોજવાણી**<br>ઉ.વ.આ. ૫૫,<br>રહેવાસી ત્રણેય : જી–૩ વોર્ડ, હાઉસ નં.૩ વનટ્રીહીલ્સ સોસાયટી, જ્ઞાન ચંદાણી હોસ્પીટલ સામે શિવ મંદીર પાસે બૈસાગડ, તા/જી. ભોપાલ, રાજય મધ્યપ્રદેશ<br>**૪)ક્રિષ્નાભાઈ શંકરલાલ ભોજવાણી**<br>ઉ.વ.આ. ૩૧, ધંધો–વેપાર,<br>**૫)આંચલબેન ઉર્ફે હર્ષાબેન વા/ઓ ક્રિષ્નાભાઈ ભોજવાણી**<br>ઉ.વ.આ. ૨૪,<br>રહેવાસી બન્ને : જી–૩ વોર્ડ, હાઉસ નં.૨૦ વનટ્રીહીલ્સ સોસાયટી, જ્ઞાન ચંદાણી હોસ્પીટલ સામે શિવ મંદીર પાસે બૈસાગડ, તા/જી. ભોપાલ, રાજય મધ્યપ્રદેશ. |
| રજુઆત | વિ.વકીલશ્રી એન.જે.ધમાણી |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૩/૧૨/૨૦૨૧ થી ૦૫/૧૧/૨૦૨૩ સુધી અવારનવાર |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૬/૦૯/૨૦૨૪. |
| આખરી અહેવાલની તારીખ | ૧૦/૧૨/૨૦૨૪. |
| તહોમતનામાની તારીખ | ૦૫/૦૩/૨૦૨૬. |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૦/૦૬/૨૦૨૬. |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૦૯/૦૭/૨૦૨૬. |
| ચૂકાદાની તારીખ | ૩૧/૦૭/૨૦૨૬. |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

**:: આરોપીની વિગત ::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧)શ્યામકુમાર | ૦૧/ | ૦૧/ | ભારતીય | નિર્દોષ | -- | -- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | શંકરલાલ ભોજવાણી | ૧૨/ ૨૦૨૪ | ૧૨/ ૨૦૨૪ | દંડ સંહિતાની કલમ– ૪૯૮ (ક), ૩૨૩, ૫૦૬ અને ૧૧૪ મુજબ. | | | |
| ૨ | ૨)જમનાબેન ઉર્ફે કવિતાબેન વા/ઓ શંકરલાલ ભોજવાણી | ૦૧/ ૧૨/ ૨૦૨૪ | ૦૧/ ૧૨/ ૨૦૨૪ | | નિર્દોષ | -- | -- |
| ૩ | ૩)શંકરલાલ ધરમદાસ ઉર્ફે કારૂમલભાઈ ભોજવાણી | ૦૧/ ૧૨/ ૨૦૨૪ | ૦૧/ ૧૨/ ૨૦૨૪ | | નિર્દોષ | -- | -- |
| ૪ | ૪)ક્રિષ્નાભાઈ શંકરલાલ ભોજવાણી | ૦૧/ ૧૨/ ૨૦૨૪ | ૦૧/ ૧૨/ ૨૦૨૪ | | નિર્દોષ | -- | -- |
| ૫ | ૫)આંચલબેન ઉર્ફે હર્ષાબેન વા/ઓ ક્રિષ્નાભાઈ ભોજવાણી | ૦૧/ ૧૨/ ૨૦૨૪ | ૦૧/ ૧૨/ ૨૦૨૪ | | | -- | -- |

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરિયાદ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા.૧ (આંક-૧૮) | પીંકીબેન ધનજીભાઈ ઉદલાણી | ફરીયાદી |
| ફ.સા.૨ (આંક-૨૧) | મોહનભાઈ ધનજીભાઈ ઉદલાણી | સાહેદ |

બ. બચાવ પક્ષના સાક્ષી

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સા.૧ | -- | -- |

ક. ન્યાયાલયના સાક્ષી

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સા.૧ | -- | -- |

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ. ફરિયાદ પક્ષ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ (ફ.સા.૧) | ૨૦ | પ્રથમ માહિતી અહેવાલ |
| ૨ (ફ.સા.૪) | ૨૧ | ફરીયાદીના આધારકાર્ડની નકલ |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

ક. ન્યાયાલય આંક

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

ડ. ભૌતિક પદાર્થ :

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

## -:: ચુકાદો ::-

### (૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત :

(૧.૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ (આરોપી નં.૧ જેઓ ફરીયાદીના પતિ થતા હોય અને આરોપી નં.૨ અને ૩, જેઓ ફરીયાદીના સાસુ-સસરા થતા હોય તથા આરોપી નં.૪ અને ૫, જેઓ ફરીયાદીના જેઠ-જેઠાણી થાય છે), આ કામના ફરીયાદીને સાથે મળીને કામકાજ બાબતે અવાર નવાર શારીરિક માનસિક દુ:ખત્રાસ આપી, તેણીને દીકરીને પેદા થયેલ હોવાના સંદર્ભે તથા તેણીનાઓ આળસુ હોય તેના સંદર્ભે મેણાટોણા બોલી અને તેણીનો સ્ત્રીધન પોતાની પાસે રાખી તેણીને ઘરમાંથી કાઢી મુકી એકબીજાને મદદગારી કરી ગુન્હો આચરી ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૪ અને ૧૧૪ મુજબનો ગુન્હો કરેલ છે.

## (૨) <u>ન્યાયિક કાર્યવાહી :</u>

(૨.૧) સદર કામે આરોપીઓ વિરૂધ્ધનું ચાર્જશીટ આવી જતાં અત્રેથી સમન્સ બજવણી બાદ આરોપીઓ હાજર થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૩૦ ની જોગવાઈનું પાલન કરી પોલીસ પેપર્સની નકલો આપી તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું આંક-૫ થી ઘડવામાં આવેલ અને આરોપીનો આંક-૦૬ થી ૧૦ સુધી ગુન્હા અંગે જવાબ નોંધતાં તેમાં આરોપી નાઓને ગુન્હો કબુલ નથી, કેસ આગળ ચલાવવો છે તેમ જણાવતા સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારુ રાખવવામાં આવેલ.

(૨.૨) ફરીયાદ પક્ષે આંક-૨૨ થી પુરાવા બંધની પુરસીસ રજુ થતા સદરહું કામ વિશેષ નિવેદન માટે રાખાવામાં આવેલ છે. આરોપીનુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવતા આ કામના આરોપીઓએ પ્રથમ સવાલનો જવાબ હકારમાં આપીને જણાવેલ કે તમામ પુરાવા મારી અથવા મારા ધ્વાર નિમાયેલ વકીલશ્રીના સમક્ષ લેવામાં આવ્યા છે અને બાકી તમામ સવાલોના જવાબો નકારમાં આપી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને ફરીયાદીએ તેઓની ઉપર ખોટો કેસ કરેલ છે.

(૨.૩) આરોપીનું વિશેષ નિવેદન નોંધ્યા બાદ આ કામે સરકારશ્રી તરફે સરકારી વિધવાન વકીલશ્રીની તથા આરોપી તરફેના વિધવાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ. સરકારી વિધવાન વકીલશ્રીની દલીલ એવી છે કે ફરીયાદપક્ષે આરોપી સમક્ષ આક્ષેપીત ગુનાઓનો વાજબી શંકાથી પર પુરવાર કરેલ છે, જયારે આરોપી તરફે વિધવાન વકીલશ્રી એ રજુઆત કરેલ

કે ફરીયાદપક્ષ આરોપી સામે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે અને તેઓના કેસ માં શંકા ઉત્પન્ન થયેલ છે.

## (૩) મુદાઓ :

સદર કામે બંને પક્ષની દલીલો તથા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેતાં નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૩.૧) શું વાદીનાઓ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે આ કામના આરોપીઓએ (આરોપી નં.૧ જેઓ ફરીયાદીના પતિ થતા હોય અને આરોપી નં.૨ અને ૩, જેઓ ફરીયાદીના સાસુ–સસરા થતા હોય તથા આરોપી નં.૪ અને ૫, જેઓ ફરીયાદીના જેઠ–જેઠાણી થાય છે), આ કામના ફરીયાદીને સાથે મળીને કામકાજ બાબતે અવાર નવાર શારીરિક માનસિક દુ:ખત્રાસ આપી, તેણીને દીકરીને પેદા થયેલ હોવાના સંદર્ભે તથા તેણીનાઓ આળસુ હોય તેના સંદર્ભે મેણાટોણા બોલી અને તેણીનો સ્ત્રીધન પોતાની પાસે રાખી તેણીને ઘરમાંથી કાઢી મુકી એકબીજાને મદદગારી કરી ગુન્હો આચરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪ અને ૧૧૪ મુજબનો ગુન્હો કરેલ છે ?

(૩.૨) આખરી હુકમ શું ?

## (૪) મુદાઓ ઉપર નિર્ણય :

૩.૧ નકારમાં.

૩.૨ આખરી હુકમ મુજબ.

## (૫) રજુ થયેલ પુરાવાઓ, કાયદાકીય બિંદુ અને રજુ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન અને નિર્ણયના કારણો :

(૫.૧) આ કામે આંક–૧૮ થી ફરીયાદી પીંકીબેન વા/ઓ શ્યામકુમાર શંકરલાલ ભોજવાણી ને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓના લગ્ન આરોપી નં.૧ સાથે જ્ઞાતીના રીત રીવાજ મુજબ ચાર વર્ષ અગાઉ થયેલ. આ લગ્નજીવનથી તેઓને એક દિકરી નીધી ઉ.વ.૪ ની થયેલ જે હાલ તેઓની પાસે છે. બનાવ આશરે દોઢેક વર્ષ અગાઉ બનેલો. બનાવની ફરીયાદ આવેશમાં આવીને કરેલી. બનાવના દિવસે આરોપી સાથે ઘર કામકાજ બાબતે માથાકુટ થયેલી.

સદરહું સાહેદનાઓની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ કે, તેઓને આરોપી સાથે લગ્નજીવનમાં સામાન્ય બોલાચાલી થતી હતી. ફરીયાદીએ વધુમાં સ્વીકારેલ છે કે બનાવ સમયે આરોપીઓએ તેઓને મારકુટ કરી શારીરિક માનસિક ત્રાસ તેમજ કોઈ ધમકીઓ આપેલ નથી.

(૫.૨) ત્યારબાદ, ફરીયાદપક્ષે આ કામે આંક–૨૧ થી સાહેદ મોહનભાઈ ધનજીભાઈ ઉદલાણી ને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓની નાની બહેન પીંકીના લગ્ન આરોપી નં.૧ સાથે જ્ઞાતીના રીત રીવાજ મુજબ ચાર વર્ષ અગાઉ થયેલ અને અન્ય આરોપીઓ તેના સાસુ સસરા, જેઠ જેઠાણી થાય છે તે તમામને ઓળખે છે, જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી. આ લગ્ન જીવનથી તેને એક દિકરી નીધી ઉ.વ. ૪ ની થયેલ છે જે હાલ તેઓની બેન પાસે છે. બનાવ આશરે દોઢેક વર્ષ અગાઉ બનેલો. બનાવની ફરીયાદ આવેશમાં આવીને કરેલી. બનાવના દિવસે આરોપી સાથે ઘર કામકાજ બાબતે માથાકુટ થયેલી.

સદરહું સાહેદનાઓની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં

તેઓએ જણાવેલ કે, તેઓની બહેનને આરોપીઓ સાથે લગ્નજીવનમાં સામાન્ય બોલાચાલી થતી હતી. બનાવ સમયે આરોપીઓએ તેઓની બહેનને મારકુટ કરી શારીરિક માનસિક ત્રાસ તેમજ કોઈ ધમકીઓ આપેલ નથી.

(૫.૩) આ બાબતે કાયદાની પરીસ્થિતી જોવામાં આવે તો આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૬ અને ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ છે જેથી તે કાયદાકીય જોગવાઈઓને ઘ્યાને રાખવુ અત્રેની કોર્ટ જરૂરી સમજે છે.

(૫.૪) આ કામે આરોપી વિરુઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩ મુજબનો ગુનો દાખલ કરવામા આવેલ છે જેની જોગવાઈ જોવામા આવે તો તેમા જો કોઈ વ્યકિત સ્વેચ્છાપુર્વક વ્યથા કરે તો તે અંગેની સજાની જોગવાઈઓ આપવામા આવેલી છે. આ કામે તપાસવામા આવેલ ફરીયાદીની જુબાની વંચાણે લેવામા આવે તો આ કામના આરોપીઓએ, ફરીયાદીનાઓને કોઈ વ્યથા કે ઈજા કરેલ હોય, તેવુ જણાઈ આવતુ નથી. આમ, આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩ મુજબનો ગુનો કરેલ હોય, તેવુ ફરીયાદપક્ષે પુરવાર કરી શકેલ નથી.

(૫.૫) આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪ મુજબનો ગુનો છે અને સદર કલમ હેઠળ તકસીરવાન ઠરાવવા માટે આરોપી ઘ્વારા બોલવામાં આવેલા શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે.આરોપીએ ફરીયાદીને ગાળો કે એવા શબ્દો બોલેલા હોવા જોઈએ કે જેનાથી તેનુ અપમાન થાય અને જેના કારણે સુલેહશાંતિનો ભંગ થાય પરંતુ હાલના કામે ફરીયાદ પક્ષનો પુરાવો ઘ્યાને લેતા ફરીયાદીની જુબાની ઘ્યાને લેતા આરોપીઓએ કંઈ ગાળો બોલેલા તેમ જણાવેલ નથી અને ફરીયાદી પોતાની જુબાનીમા જણાવે છે કે તેઓની આરોપી સાથે સામાન્ય

બોલાચાલી થયેલી અને તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી. વધુમાં આવા અપશબ્દો બોલવાને કારણે ફરીયાદીનુ અપમાન કરેલ હોય અને તે કારણે સુલેહ શાંતિ ભંગ કરેલ હોય તેવી કોઈ હકીકત રેકોર્ડ ઉપર આવેલ નથી. આમ, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪ મુજબનો ગુનો કરેલ હોય, તેવુ પુરવાર થતુ નથી.

(૫.૬) આ સિવાય, આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮(ક) મુજબનો ગુન્હો પણ દાખલ થયેલ છે અને સદરહું ગુન્હા પુરવાર કરવા સારુ ફરીયાદ પક્ષનાઓને પુરવાર કરવુ પડે છે કે આરોપીએ સ્ત્રી સાથે ક્રુરતા આચરી હોય જે ક્રુરતા તે સ્ત્રીને આપઘાત કરવા સારુ પ્રેરે અથવા તો તેના શરીરને, અવયવ અથવા આરોગ્યને ગંભીર ઈજા પહોંચાડવામાં સક્ષમ હોય અથવા તો ફરીયાોપક્ષનાઓના તે પુરવાર કરવાનુ હોય છે કે, તે મિલકત અથવા તો કીંમતી વસ્તુ માટે આરોપીઓએ ગેરકાયદેસરની માંગણી કરી ભોગબનનારનાઓને હેરાનગતી કરેલ હોય. આ કામે ફરીયાદીનાઓની રેકોર્ડ ઉપર આવેલ જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ જણાવેલ કે, તેઓ અને આરોપી વચ્ચે લગ્ન જીવનમાં થતી સામાન્ય બોલાચાલી થયેલી અને તે સિવાય બીજુ કોઈ બનાવ બનેલ નહી. આ કામના ફરીયાદી તેમજ સાહેદે પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ કે આ કામના આરોપીઓએ ફરીયાદીનાઓને કોઈ મારકુટ કરી શારીરિક અને માનસિક ત્રાસ આપેલ નથી. આમ, આ કામના આરોપીનાઓએ ઉપરોકત મુજબનો ગુન્હો કરેલ હોય, એવુ જણાઈ આવતુ નથી.

(૫.૭) ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી કોઈ ગુનો આચરેલ હોય તેવુ પુરવાર થતુ ના હોય આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૧૧૪ હેઠળ પણ તકસીરવાન ઠરાવી શકાય, તેમ નથી.

(૫.૮) રેકોર્ડ ઉપર આવેલ ફરીયાદી તથા સાહેદની જુબાનીનુ વિશ્લેષણ કરતા, આરોપીઓને આ ગુનાના કામે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ લાવી શકેલ નથી. ઉપરોકત ચર્ચા મુજબ ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય સદરહું ગુનામાં આરોપીને દોષિત ઠરાવી શકાય તેમ નથી, જેથી મુદા નં.૧નો જવાબ "નકાર "માં ઠરાવી આપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાના મંતવ્ય ઉપર આવી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) આ કામના આરોપી નં.૧ શ્યામકુમાર શંકરલાલ ભોજવાણી, આરોપી નં.૨ જમનાબેન ઉર્ફે કિવતાબેન વા/ઓ શંકરલાલ ભોજવાણી, આરોપી નં.૩ શંકરલાલ ધરમદાસ ઉર્ફે કારૂમલભાઈ ભોજવાણી, આરોપી નં.૪ ક્રિષ્નાભાઈ શંકરલાલ ભોજવાણી અને આરોપી નં.૫ આંચલબેન ઉર્ફે હર્ષાબેન વા/ઓ ક્રિષ્નાભાઈ ભોજવાણી રહેવાસી રાજકોટવાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૬ અને ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે આરોપીઓના જામીન તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ અન્વયે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવા.

(૩) આ કામના આરોપીઓ આજરોજ અત્રેની કોર્ટ સમક્ષ હાજર નથી પરંતુ સદરહું આરોપીનાઓને ઉપરોકત ગુન્હામાંથી નિર્દોષ છોડી દેવામાં આવેલ હોય ભારતીય નાગરિક સુરક્ષા સહિંતાની કલમ–૩૯૨(૬) ની જોગવાઈઓના અનુસંધાને તેઓની ગેરહાજરીમાં આજરોજ હુકમ જાહેર કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ **૩૧મી** માહે **જુલાઈ** સને **૨૦૨૬** ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ,
તારીખ : ૩૧/૦૭/૨૦૨૬.

**(કર્ણ અજીત મારવાહા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જૂનાગઢ.
(GJ-01558)